જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૫/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## એક મહિલાને પોતે કરેલ નોકરીનુ મહેનતાણુ ન મળતા તેની વ્હારે આવી મહેનતાણુ અપાવતી સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમ

સોલા વિસ્તારમાંથી એક બહેનનો તા.૧૦/૫/૨૩ નારોજ ૧૮૧ અભયમ હેલ્પ લાઇન પર ફોન આવે છે અને જણાવેલ કે પોતે મોલમાં હેન્સ માર્કેટીંગ તરીકે નોકરી કરે છે તેઓને નોકરીમાં મહીનો પુર્ણ થયેલ હોય તેઓએ અન્ય સાથી નોકરીયાતોની સરખામણીએ સારા પોઈન્ટ મેળવીને લીડ કરેલ હોવા છતા સાથી નોકરીયાતોને પગાર મળી ગયેલ પરંતુ તેમને પગાર મળેલ નહી જેથી છેલ્લા છ દિવસથી પોતે મોલના મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટમાં પુછપરછ કરવા છતા કોઈ પ્રકારનો જવાબ ન મળતા તેમજ મેનેજર દ્વારા પોતાને સેલેરી આપ્યા વગર રીઝાઈનનો મેઈલ કરેલ છે જેથી પોતાને આ બાબતે મદદ કરવા તેમજ ન્યાય મેળવવા ટીમનો સંપર્ક કરતા તાત્કાલીક સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમ મોલ ખાતે પહોચી જઈ મેનેજર, સિકયુરીટી તેમજ મેનેજમેન્ટ ટીમ સાથે કાઉન્સેલીંગ કરી વાતચીત કરી મહીલાને નોકરીની અવેજમાં મહેનતાણુ ન આપવો એ લેબર લો મુજબ ગુનો બને છે અને જવાબદાર વ્યક્તિને સજા થઈ શકે છે. જેથી મેનેજમેન્ટ ટીમે નિર્ણય લઈ તાત્કાલીક મહિલાને પગારની ચુકવણી કરી આપેલ જેથી મહિલાએ પોતાનુ મહેનતાણુ મળતા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમનો હદય પુર્વક આભાર વ્યકત કરેલ. આમ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમે એક મહિલાને તેના મહેનતાણાનું અવેજ અપાવી ઉમદા કાર્ય કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ** :- સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પ લાઈન ટીમ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૯૨/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૨૮૦ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૧,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૯૩/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૯૪/૨૦૨૩**

વસ્ત્રાપુરઃ લલીતકુમાર પુરષોતમદાસ મોહતા (ઉ.વ.૬૩)(રહે.મિલન પાર્ક બંગલોઝ, અમદાવાદ હાર્ટ ની સામે, વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૩ સવારના ૧૦/30 થી સાંજના ૬/30 સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોનાના દાગીના, ડાયમંડના સેટ, સોનાના હીરા જડીત કડા, ચાંદીના સિક્કા, સાડીઓ મુકેલ કપડાના મોટા બેગ નંગ-૨, સોનાની ઘડીયાળ, સોનાનો સિક્કો અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧૨,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી